Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268
Continuous Issue-30 | March – April 2018

# ગુજરાતમાં ધાન્ય પાક તરાહ

## ૧. પ્રસ્તાવના

દુનિયામાં કૃષિએ ખાદ્યાન્ય પાકોનું ઉત્પાદન કરતુ મહત્વનું ક્ષેત્ર છે. આ પાકોના વેચાણથી મળતી આવકને પ્રાધાન્ય આપી ખેડૂત પાક ઉત્પાદન પસંદ કરે છે. કૃષિ પેદાશોનું ઉત્પન્ન કરે ખેડૂત પરંતુ કિંમત નકકી અન્ય ખરિદનાર વર્ગ દવારા થાય. આ સાથે મોઘવારી ઘટાડવા, પીસાતો ખેડૂત પાકોના યોગ્ય ભાવ મેળવી શકતો નથી. આવી પરિસ્થિતિમાં જગતનો તાત પોતાની આજીવિકા માટે ધાન્ય પાકો એક મહત્વનું સ્થાન ધરાવે છે.

વધતી વસ્તીની સાથે દરેક માટે ખોરાકની સલામતી ઉભી થાય તે માટે બીજી હરિયાળી ક્રાંતિ સ્વરૂપમાં કૃષિ દવારા ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો કરવાની જરૂરીયાત છે. કૃષિ પેદાશોના ખાસ કરીને ખાદ્યાન્નના ભાવોમાં વૃધ્ધિને કારણે સાપેક્ષ રીતે ઓછા પુરવઠાએ કૃષિ તેમજ સંલગ્ન ક્ષેત્રના સાતત્ય પૂર્ણ વિકાસ માટે અને કાર્યક્ષમ વહેંચણી પર ધ્યાન આપવું જોઈએ.

ગુજરાતમાં કૃષિક્ષેત્રે વૈવિધ્યલક્ષી પાકોનું ઉત્પાદન કરવામાં આવે છે. તેમાં ધાન્ય પાકો, રોકડિયા પાકો, તેલબિયા, બાગાયતી પાકોને વહેંચી શકાય. કૃષિક્ષેત્રમાં ધાન્ય પાકોના ઉત્પાદન કરતા રોકડિયા પાકો જેવા કપાસ, મગફળી, ફળો અને શાકભાજીના વાવેતરમાં વધારો થતો જોવા મળે છે.

## ૨. હેતુઓ

ગુજરાત રાજયમાં ધાન્ય પાક વિસ્તારની તરાહ તપાસવી.

ગુજરાત રાજયમાંધાન્ય પાક ઉત્પાદનમાં થયેલ ફેરફારની તરાહ જાણવી.

ગુજરાત રાજયમાં ધાન્ય પાકની ઉત્પાદકતામાં થયેલ વૃધ્ધિદર તપાસવો.

## ૩. અભ્યાસ પધ્ધતિઓ

આ સંશોધનમાં ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમા સામાજિક આર્થિક સમિક્ષા, સરકારી રીર્પોટ, આંકડા શાખાથી મળેલ આંકડાઓનો ઉપયોગ કર્યો છે. સંશોધન માહિતીના વિશ્લેષણ માટે વર્ગીકરણ, આલેખ, કોષ્ટક, સરેરાશ, સામાન્ય વૃધ્ધિદર, લઘુત્તમ- ગુરુત્તમ વગેરે આંકડાકીય પદ્ધિતઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## ૪.ગુજરાત રાજયમાં ધાન્ય પાક વિસ્તાર

ગુજરાતમાં જમીન વપરાશ વિસ્તાર ૧૯૦૬૯ હજાર હેકટર છે. તેમાંથી ૧૦૩૦૨ હજાર હેકટર ચોખ્ખો વાવેતર વિસ્તાર છે. જયારે ૧૨૪૮૭ હજાર હેકટર કુલ પાક વિસ્તાર છે. ગુજરાતના કુલ વિસ્તારનો ૫૮ % જેટલો વિસ્તાર શુષ્ક અને અર્ધશુષ્ક હેઠણ હોવા છતાં દેશમાં કપાસ, મગફળી અને મસાલાનું સૌથી વધુ ઉત્પાદન કરે છે.




આલેખ-૧ ગુજરાત રાજયમાં ધાન્ય પાકોના વાવેતર વિસ્તારનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ૨૧મી સદીના પ્રથમ દશકામાં ૮૦૮ હજાર હેકટર એટલે ૨૫.૧૯ % કુલ ધાન્ય પાક વાવેતર વિસ્તારમાં વધારો થયો છે. જે ૮૮ હજાર હેકટર એટલે ૧૨.૨૨ % ચોખાના વાવેતરમાં, ૧૦૭૧ હજાર હેકટર એટલે ૨૦૬.૭૫ % ઘઉંના વાવેતરમાં અને ૧૨૦ હજાર હેકટર એટલે ૨૬.૯ % મકાઈના વાવેતર વિસ્તારમાં વધારો થયો છે. જયારે ૧૭૮ હજાર હેકટર એટલે ૫૮.૫૫ % જુવારના વાવેતરમાં અને ૨૮૧ હજાર હેકટર એટલે ૨૪.૩૫ % બાજરીના વાવેતર વિસ્તારમાં ઘટાડો થયો છે.

ગુજરાતમાં ધાન્ય પાક વાવેતર વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૬ સુધીના સમયગાળામાં ૧૧૭૯ હજાર હેકટર એટલે ૨૯.૩૬ % કુલ ધાન્ય પાક વાવેતર વિસ્તારમાં ઘટાડો થયો છે. જે ૧૦ હજાર હેકટર એટલે ૧.૨૪ % ચોખાના વાવેતરમાં, ૬૧૩ હજાર હેકટર એટલે ૩૮.૫૭ % ઘઉંના વાવેતરમાં, ૨૫ હજાર હેકટર એટલે ૧૯.૮૪ % જુવારના વાવેતરમાં, ૪૧૯ હજાર હેકટર એટલે ૪૮ % બાજરીના વાવેતર વિસ્તારમાં, ૧૦૯ હજાર હેકટર એટલે ૧૯.૨૫ % મકાઈના વાવેતર વિસ્તારમાં ઘટાડો થયો છે.

ગુજરાતમાં ધાન્ય પાક વાવેતર વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૬ સુધીના સમયગાળામાં ૩૭૧ હજાર હેકટર એટલે ૧૧.૫૬ % કુલ ધાન્ય પાક વાવેતર વિસ્તારમાં ઘટાડો થયો છે. જેમાં ૧૦.૮૩ % ચોખાના વાવેતરમાં, ૮૮.૪૧ % ઘઉંના વાવેતરમાં અને ૨.૪૭ % મકાઈના વાવેતર વિસ્તારમાં વધારો જયારે ૬૬.૭૭ % જુવારના વાવેતરમાં અને ૬૦.૬૫ % બાજરીના વાવેતર વિસ્તારમાં ઘટાડો થયો છે.




ઉપરોકત ચાર્ટમાં સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં ૨૧મી સદીના પ્રથમ ૧૬ વર્ષ દરમ્યાન ધાન્ય પાક વાવેતર વિસ્તારમાં કુલ ધાન્ય પાકના સંદર્ભમાં ચોખા, ઘઉં અને મકાઈના વાવેતરમાં વધારો થાય છે જયારે જુવાર અને બાજરીના વાવેતર વિસ્તારમાં ઘટાડો થયો છે.

## ૫. ધાન્ય પાક ઉત્પાદન




આલેખ-૩ ગુજરાત રાજયમાં ધાન્ય પાકોના ઉત્પાદનનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ૨૧મી સદીના પ્રથમ દશકામાં ૫૩૫૭ હજાર ટન એટલે ૧૩૪.૧૯ % કુલ ધાન્ય પાક ઉત્પાદનમાં વધારો થયો છે. જે ૬૨૩ હજાર ટન એટલે ૫૯.૭૩ ચોખા પાકના ઉત્પાદનમાં, ૩૯૩૬ હજાર ટન એટલે ૩૬૫.૪૫% ઘઉંના ઉત્પાદનમાં, ૫૧૯ હજાર ટન એટલે ૫૨.૮૫ % બાજરીના ઉત્પાદનમાં, ૩૯૧ હજાર ટન એટલે ૬૬.૬ % મકાઈના ઉત્પાદનમાં વધારો થયો છે. જયારે ૧૦૪ હજાર ટન એટલે ૪૨.૭૯ % જુવારના ઉત્પાદનમાં ઘટાડો થયો છે.

ગુજરાતમાં ધાન્ય પાકોના ઉત્પાદન વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૬ સુધીના સમયગાળામાં ૨૮૧૧ હજાર ટન એટલે ૩૦.૦૬% કુલ ધાન્ય પાક ઉત્પાદનમાં ઘટાડો થયો છે. જે ૭૯ હજાર ટન એટલે ૪.૭૪% ચોખાના ઉત્પાદનમાં

વધારો થયો છે. જયારે ૨૧૩૪ હજાર ટન એટલે ૪૨.૫૬ % ઘઉના ઉત્પાદનમાં, ૫ હજાર ટન એટલે ૩.૫૯ % જુવારના ઉત્પાદનમાં, ૪૬૦ હજાર ટન એટલે ૩૦.૬૪ % બાજરીના ઉત્પાદનમાં અને ૨૯૪ હજાર ટન એટલે ૩૦.૦૬ % મકાઈના ઉત્પાદનમાં ઘટાડો થયો છે.

ગુજરાતમાં ધાન્ય પાકોના ઉત્પાદન વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૬ સુધીના સમયગાળામાં ૨૫૪૬ હજાર ટન એટલે ૬૩.૭૭ % કુલધાન્ય પાક ઉત્પાદનમાં વધારો થયો છે. જેમાં ૬૭.૩ % ચોખાના ઉત્પાદનમાં, ૧૬૭.૩૧ % ઘઉના ઉત્પાદનમાં, ૬ % બાજરીના ઉત્પાદનમાં અને ૧૬.૫૨ % મકાઈના ઉત્પાદનમાં વધારો થયો છે. જયારે ૪૪.૮૫ % જુવારના ઉત્પાદનમાં ઘટાડો થયો છે.




ઉપરોકત ચાર્ટ-૪માં સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં ૨૧મી સદીના પ્રથમ ૧૬ વર્ષ દરમ્યાન ધાન્ય પાક ઉત્પાદનમાં કુલ ધાન્ય પાક ઉત્પાદનના સંદર્ભમાં ચોખા, ઘઉં અને મકાઈના ઉત્પાદનમાં વધ-ઘટ થતી જોવા મળે છે જયારે મકાઈ અને બાજરીના ઉત્પાદનમાં ઘટાડો થયો છે.

## ૬. ધાન્ય પાક ઉત્પાદકતા



આલેખ-૫ ગુજરાત રાજયમાં ધાન્ય પાકોના ઉત્પાદકતાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ૨૧મી સદીના પ્રથમ દશકામાં હેકટરદિઠ ૧૦૮૩ કિ.ગ્રા. એટલે ૮૬.૯૮% કુલ ધાન્ય પાક ઉત્પાદકતામાં વધારો થયો છે. જે ૬૧૧ કિ.ગ્રા. એટલે ૪૨.૧૩% ચોખાની ઉત્પાદકતામાં, ૧૦૭૭ કિ.ગ્રા. એટલે ૫૧.૮% ઘઉની ઉત્પાદકતામાં, ૩૦૫ કિ.ગ્રા. એટલે ૩૮.૧૨ % જુવારની ઉત્પાદકતામાં, ૮૬૯ કિ.ગ્રા. એટલે ૧૦૨.૧૧% બાજરીની ઉત્પાદકતામાં અને ૪૧૧ કિ.ગ્રા. એટલે ૩૧.૨ % મકાઈની ઉત્પાદકતામાં વધારો થયો છે.

ગુજરાતમાં ધાન્ય પાકો વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૬ સુધીના સમયગાળામાં હેકટરદિઠ ૨૨ કિ.ગ્રા. એટલે ૦.૯૪ % કુલ ધાન્ય પાક ઉત્પાદકતામાં ઘટાડો થયો છે. જે ૧૨૬કિ.ગ્રા. એટલે ૬.૧૧ % ચોખાની ઉત્પાદકતામાં, ૨૨૭ કિ.ગ્રા. એટલે ૨૦.૫૪ % જુવારની ઉત્પાદકતામાં, ૫૭૨ કિ.ગ્રા. એટલે ૩૩.૨૫ % બાજરીની ઉત્પાદકતામાં વધારો થયો છે જયારે ૨૩૧ કિ.ગ્રા. એટલે ૧૩.૩૬ % મકાઈ અને ૨૦૬ કિ.ગ્રા. એટલે ૬.૫૨ % ઘઉની ઉત્પાદકતામાં ઘટાડો થયો છે.

ગુજરાતમાં ધાન્ય પાકોની હેકટરદિઠ ઉત્પાદકતામાં વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૬ સુધીના સમયગાળામાં ૧૦૬૧ કિ.ગ્રા. એટલે ૮૫.૨૨% વધારો થયો છે. જેમાં ૫૦.૮૨% ચોખાની, ૪૧.૮૯ % ઘઉની, ૬૬.૫ % જુવારની, ૧૬૯.૩૩ % બાજરીની અને ૧૩.૬૬ % મકાઈની ઉત્પાદકતામાં વધારો થયો છે.

**૭. તારણો**

ગુજરાતમાં ધાન્ય પાક વાવેતર તરાહ ૩૭૧ હજાર હેકટર એટલે ૧૧.૫૬% કુલ ધાન્ય પાક વાવેતર વિસ્તારમાં ઘટાડો થયો છે. જેમાં ૧૦.૮૩% ચોખા, ૮૮.૪૧% ઘઉં, અને ૨.૪૭ % મકાઈના વાવેતર વિસ્તારમાં વધારો જયારે ૬૬.૭૭ % જુવાર અને ૬૦.૬૫ % બાજરીના વાવેતર વિસ્તારમાં ઘટાડો થયો છે.

ગુજરાતમાં ધાન્ય પાકોના ઉત્પાદન તરાહ ૨૫૪૬ હજાર ટન એટલે ૬૩.૭૭ % કુલ ધાન્ય પાક ઉત્પાદનમાં વધારો થયો છે. જેમાં ૬૭.૩ % ચોખા ૧૬૭.૩૧ % ઘઉ, ૬ % બાજરી અને ૧૬.૫૨ % મકાઈના ઉત્પાદનમાં વધારો થયો છે. જયારે ૪૪.૮૫ % જુવારના ઉત્પાદનમાં ઘટાડો થયો છે.

ગુજરાતમાં ધાન્ય પાકોની હેકટરદિઠ ઉત્પાદકતામાં ૧૦૬૧ કિ.ગ્રા. એટલે ૮૫.૨૨% વધારો થયો છે. જેમાં ૫૦.૮૨ % ચોખાની, ૪૧.૮૯ % ઘઉની, ૬૬.૫ % જુવારની, ૧૬૯.૩૩ % બાજરીની અને ૧૩.૬૬ % મકાઈની ઉત્પાદકતામાં વધારો થયો છે.

## સંદર્ભ સૂચિ


I. Swain, Kalamkar, Kapadia (2012), "State of Gujarat Agriculture 2011-12", Agro-Economic Research Centre, Gujarat.
II. Socio Economic Review (2016), Government Central Press, Gandhinagar.
III. http://agri.gujarat.gov.in
IV. http://www.globalgujarat.com
V. https://data.gov.in

*********************************************************************

ડો. અરવિંદ લાણીયા
પ્રોફેસર
અર્થશાસ્ત્ર વિભાગ
એલ.આર.વળીયા આર્ટ્સ એન્ડ પી.આર. મહેતા કોમર્સ કોલેજ

Copyright © 2012 – 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat